
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં મકાનોની પાકી છતમાં ભારે 'અછત'

ગાંધીનગરની શહેરી સેન્સસના આંકડાઓ દર્શાવે છે કે કુલ ૨ લાખ ૮૭,૨૦૦ પરિવારો પૈકી ૪,૭૭૬ પરિવારો ઘાસ-ફૂસ, વાંસ અને લાકડી જેવી સામગ્રીથી બનેલી છત નીચે જીવી રહ્યા છે. જે પૈકી ૩૩૨૬ 'ગ્રામીણ' પરિવારો અને ૧૪૫૦ 'શહેરી' વિસ્તારના પરિવારો છે. ઘાસફૂસની છત નીચે જીવતા ગુજરાતના કુલ પરિવારો કરતાં પણ ગાંધીનગર ટકાવારીની દૃષ્ટિએ આગળ છે. જે ભૌતિક સુખાકારીમાં ગાંધીનગરની 'પછાતતા' દર્શાવે છે.

એ ઉપરાંત રહેણાંકની છત વિશેની વધુ વિગત જોઈએ તો ૨૮૨૭ પરિવારો પ્લાસ્ટીક-પોલિથીનની છત નીચે રહે છે. આ પૈકી ગાંધીનગર ગ્રામીણના ૧૧૨૩ પરિવારો અને શહેરી ગાંધીનગરના ૧૭૦૪ પરિવારો છે. પૂરા ગુજરાતની સરખામણીએ ગાંધીનગરમાં આ સ્થિતિ બમણી છે. અલબત્ત આખા ગુજરાતમાં પ્લાસ્ટીક-પોલિથીનનું છાપરું હોય તેની ટકાવારી ૦.૪૮ ટકા જ છે. પરંતુ આ આંકડો ગાંધીનગર જિલ્લાના સંદર્ભમાં જોઈએ ત્યારે ટકાવારી




**ગાંધીનગર શહેર-ગામડાની છતો જોતા કાર્લમાર્ક્સની વાત યાદ આવે**

૦.૯૮ ટકા થાય છે, એટલે ગુજરાત કરતાં ગુજરાતના પાટનગર એવા ગાંધીનગર જિલ્લાની સ્થિતિ વધુ દયનીય કહી શકાય એવી છે. જો કે ગાંધીનગર શહેર અને ગ્રામીણ વિસ્તારની દૃષ્ટિએ ચકાસીએ તો ગાંધીનગર ગ્રામીણમાં ઘર ઉપર પ્લાસ્ટીકનું છાપરું હોય એની સંખ્યા (૦.૬૯ ટકા) ઓછી છે જ્યારે શહેરી ગાંધીનગરમાં તેની સંખ્યા બમણી (૧.૩૪ ટકા) થાય છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ગામડા કરતા શહેરમાં રહેઠાણ-મકાનોની સ્થિતિ વધુ સારી હોય છે, ગુજરાતના સેન્સસની માહિતી પણ આ માન્યતા સાચી છે એમ પૂરવાર કરે છે પરંતુ ગાંધીનગર શહેરી સેન્સસને ધ્યાનમાં લઈએ તો આ બાબત તદ્દન ખોટી છે એમ ઉજાગર થાય છે.

ગાંધીનગર જિલ્લાની રહેણાંક સુખ-સુવિધાની દૃષ્ટિએ પ્લાસ્ટીક-પોલિથીનની છત સિવાય બીજી પણ નબળાઈ સમજવા જેવી છે. ગાંધીનગરના એક લાખથી સહેજ ઓછા પરિવારોના ઘરની છત પાકી નથી. કુલ ૯૯,૭૯૨ પરિવારો ધાતુના પતરા અને સિમેન્ટ પતરાની બનેલી છત નીચે રહે છે. ગુજરાતની સરેરાશ સામે ગાંધીનગરમાં આ પ્રકારના નિવાસસ્થાનોનું પ્રમાણ ઘણું ઉંચુ છે. ગુજરાતમાં કુલ ૧૯ ટકા લોકો આવા મકાનોમાં રહે છે જ્યારે ગાંધીનગરમાં તેની ટકાવારી ૩૫ ટકા જેટલી છે. ગાંધીનગરના કુલ ૯૯૭૯૨ પરિવારોમાંથી ગ્રામીણ વિસ્તારના ૬૮,૬૦૫ (૪૩ ટકા) અને શહેરી વિસ્તારના ૩૧,૧૮૭ (૨૫ ટકા) પરીવારો ધાતુના પતરાની છતવાળા ઘરમાં રહે છે.

માત્ર ગાંધીનગર જિલ્લાની આપણે વાત કરીએ તો શહેરી વિસ્તારમાં ધાતુના પતરાથી ઘર ઢંકાયેલુ હોય એની સંખ્યા ઓછી છે પરંતુ ગ્રામીણ ગાંધીનગરમાં એ સંખ્યા ખૂબજ વધુ છે. આંકડાઓને આપણે વિશ્લેષણ સાથે સમજીએ તો એમ કહી શકાય કે ગાંધીનગર ગ્રામીણ વિસ્તારના દર સો પરિવારોએ ૪૩ પરિવારો અને ગાંધીનગર શહેર વિસ્તારના દર સો પરિવારોએ ૨૫ પરિવારો ઈંટ, ક્રોન્ક્રેટ કે

● અનુસંધાન પાન-૭ પર



ઝરમર-ઝરમર : શહેરમાં રવિવારે વરસાદે પણ રજા ભોગવી હોય એમ માત્ર ઝરમર-ઝરમર એક-બે નાના હળવા ઝાપટા પડ્યા હતા... હવામાન વિભાગના જણાવ્યા મુજબ અપર એર સરક્યુલેશન સિસ્ટમ કચ્છમાં ફંડાતા બે દિવસ હળવા ઝાપટા પડવાની સંભાવના છે...

# અપર એર સરક્યુલેશન સિસ્મટમ ફંટાતા ભારે વરસાદના સંજોગો ટળ્યા

**ગાંધીનગર અમદાવાદમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસશે : સર્જાયેલી સિસ્ટમ કચ્છ તરફ ફંટાઇ : શહેરમાં સિઝનનો ૨૫૫ મીમી વરસાદ**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં હજુ વરસાદ વરસશે તેવી આશ વચ્ચે રોજ બરોજ એકવાર નભ તરફ નજર માંડતા નગરજનો મેઘરાજા મુશળધાર વરસે તેની વાટે છે. બે દિવસ અગાઉ મેઘરાજા બઘડાટી બોલાવી ગયા બાદ હજુ પણ ભારે વરસાદ થશે તેવી સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી હતી. જો કે અપર એર સરક્યુલેશન સિસ્ટમ કચ્છ તરફ ફંટાઈ જવાથી હવે અતિ ભારે વરસાદ આવવાની સંભાવના ટળી છે. અમદાવાદ ગાંધીનગર વિસ્તારમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસશે તેમ હવામાન વિભાગનુ માનવુ છે. ગાંધીનગરમાં અત્યાર સુધીનો ૧૦ ઈંચ વરસાદ થયો છે. જયારે આજે માત્ર ૫ મી મી વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત માટે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના દર્દીપ્રિય ડૉક્ટર અરૂણ વ્યાસાનું દુઃખદ નિધન

**પાટનગરના સૌ પ્રથમ ખાનગી પ્રેક્ટીશનર હતા : હૃદયરોગનો હૂમલો જીવલેણ નિકળ્યો : ૨૩મીને ગુરૂવારે બેસણું**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના લોકપ્રિય ડૉક્ટર અરૂણભાઈ બી. વ્યાસાનું હૃદયરોગના હુમલાથી દુઃખદ નિધન થયું છે. તેઓ ૭૮ વર્ષના હતા. ગાંધીનગરની સ્થાપના પછી ડૉ. અરૂણભાઈ વ્યાસા સૌ પ્રથમ ખાનગી પ્રેક્ટીશનર હતા. તેમણે ૧૯૭૦માં સેક્ટર-૨૯ના 'ઘ' ટાઈપના બ્લોક નં. ૭૦/૧માં ૧૫મી ઓગષ્ટે પોતાના દવાખાનાનો શુભારંભ કર્યો હતો. ત્યારથી લઈને આજ સુધી ગાંધીનગરની ત્રણ પેઢીની તેમણે સારવાર કરી છે. ગઈ મધરાતે ૧૨.૦૦ વાગ્યે તેઓ બાથરૂમ જવા ગયા ત્યારે હૃદયરોગનો હૂમલો થયો હતો, જે જીવલેણ સાબિત થયો હતો. ડૉ. અરૂણ વ્યાસાના નિધનના સમાચારો વાયુવેગે પ્રસરતાં ગાંધીનગરમાં આઘાતનું વ્યાપક મોજું ફરી વળ્યું હતું. તેમના હજ્જારો દર્દીઓએ પણ ઘેરા શોકની લાગણી અનુભવી હતી.

ડૉ. અરૂણભાઈ વ્યાસા ૧૯૪૦ની ૧૮મી ઓગષ્ટે પૂનામાં જન્મ્યા હતા. મૂળ વડનગરના વતની એવા ડૉ. વ્યાસાએ જામનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પછી તેઓ ગાંધીનગરમાં સ્થાયી થયા હતા. વર્ષ-૧૯૭૭માં સેક્ટર-૨૨માં તેમણે દવાખાનાની શરૂઆત કરી હતી. અત્યારે પણ તેઓ નિયમીત રીતે સેક્ટર-૨૨ અને સેક્ટર-૭ના દવાખાનામાં સાવ રાહતદરે દર્દીઓની સેવા કરતા હતા.

ગાંધીનગરની સ્વૈચ્છિક, સહકારી અને રમત-ગમત પ્રવૃત્તિઓમાં પણ ડૉ. અરૂણભાઈ વ્યાસાનું મોટું યોગદાન રહ્યું છે. ગાંધીનગર લાયન્સ ક્લબના તેઓ ચાર્ટર્ડ સેક્રેટરી હતા. ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્કના મેનેજીંગ ડિરેક્ટર તરીકે પણ તેમણે સેવાઓ આપી છે. આ ઉપરાંત સ્વિમીંગ, બાસ્કેટ બોલ, વૉલીબોલ જેવી સ્પોર્ટસના ડિસ્ટ્રીક્ટ



એસોસિએશનના પ્રમુખ તરીકે તેમણે ગાંધીનગરમાં રમત-ગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે પાયાનું યોગદાન આપ્યું હતું.

દર્દીઓની નાડ પકડીને જ તેમનું દર્દ મૂળમાંથી શોધી કાઢીને દર્દીઓને પોતાની લાલ-પીળી-લીલી ગોળીઓથી સાજા કરી દેતા ડૉ. અરૂણભાઈ વ્યાસા સ્વયં પણ હૃદયરોગના દર્દી હતા. તેઓ ૪૯ વર્ષના હતા ત્યારે; વર્ષ ૧૯૮૯માં તેમણે બાયપાસ સર્જરી કરાવી હતી. તેમને ડાયાબિટીસ પણ હતો. આવી પરિસ્થિતિમાં ૭૮ વર્ષની વયે પણ તેમણે દર્દીઓની

● અનુસંધાન પાન-૭ પર

# ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનમાં મનપા છેલ્લા ક્રમે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ મિઝલ્સ-રૂબેલા રસીકરણ અભિયાનમાં જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૫ ટકા કામગીરી થઈ છે અને રાજ્યમાં તે ૨૨મા ક્રમે આવે છે જયારે ગાંધીનગર મહાનગરપાલિકા રાજ્યમાં છેલ્લા ક્રમે આવે છે.

**ગાંધીનગર જિલ્લો રાજ્યમાં ૨૨મા ક્રમે : ૨૦ ટકાથી ઓછુ કવરેજ બાળકોનું થયુ હોય તેવી ૯૦ શાળા : તંત્રએ પુનઃ આયોજન અભિયાનનું કરવા કરેલી તાકીદ**

આરોગ્ય વિભાગ દ્વારા અતિ મહત્વાકાંક્ષી આ રસીકરણ પ્રોજેક્ટને લઈ તંત્રે ત્રણ મહિનાથી તૈયારીઓ હાથ ધરી હતી પરંતુ અમલીકરણમાં જે રીતે પીછેહઠ થઈ રહી છે તેને લઈ ગઈકાલે મળેલ ટાસ્કફોર્સની બેઠકમાં ચિંતાની લાગણી વ્યક્ત થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં નેવુ જેટલી શાળાઓ એવી છે જ્યાં બાળકોનું કવરેજ ૨૦ ટકાથી પણ ઓછુ નોંધાયુ છે. જિલ્લામાં ૪૫ ટકાથી વધુ રેઝિસ્ટંટ જે જોવા મળી રહ્યુ છે તેને લઈ ગઈકાલની બેઠકમાં ખુબજ ચિંતાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે ૨૦ ટકાથી ઓછુ કવરેજ થયુ છે તેવી શાળાઓમાં વધુ એક વખત પ્રયાસ

● અનુસંધાન પાન-૭ પર

## ઓરી-રૂબેલા અભિયાન બે સપ્તાહ લંબાવવા નિર્ણય

ગાંધીનગર, તા. ૧૯

ઓરી-રૂબેલા રસીકરણ અભિયાનને બે સપ્તાહ માટે લંબાવવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. ૧૬મી જુલાઈથી શરૂ થયેલુ આ રાજ્યવ્યાપી રસીકરણ અભિયાનમાં ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરવાની નેમ સાથે અભિયાનને બે સપ્તાહ લંબાવવામાં આવ્યુ છે. રાજ્યના આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા આ મહત્વના નિર્ણય અંગે તમામ જિલ્લાઓને જાણકારી પણ આપવામાં આવી છે. આમ તો ૩૧ ઓગષ્ટ સુધી આ અભિયાન ચાલવાનુ હતુ. આ મહિનામાં સાતથી વધુ જાહેર રજાઓ આવી હોવાથી તેમજ રાજ્યના કેટલાક ભાગોમાં થયેલા ભારે વરસાદને પગલે આ અભિયાન લંબાવવામાં આવ્યુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ અભિયાન અંતર્ગત રાજ્યમાં અત્યાર સુધીમાં ૧ કરોડ જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા છે. આ અભિયાનમાં હવે ખાનગી બાળ-રોગના નિષ્ણાત તબીબોને જોડવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

તાજેતરમાં આ અભિયાન અંતર્ગત જિલ્લાઓમાં થયેલી કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી જે નોંધનીય છે.

# આગામી અઠવાડિયે પુનઃ વરસાદ જોર પકડશે

ગાંધીનગર, તા. ૧૯

આગામી તા. ૨૧ થી ૨૫ દરમ્યાન ગુજરાતમાં પુનઃ વરસાદ આવી શકે એવી આગાહી ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે કરી છે.

હમણા ઉત્તર ગુજરાત અને સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં તેમજ કચ્છના કેટલાક ભાગોમાં વરસાદી મહેર થયેલ છે અને પાકને જીવતદાન મળી ગયેલ છે. વળી જ્યાં વાવેતર થયા નથી ત્યાં પણ ઘણા ભાગોમાં વાવણીલાયક વરસાદ થવામાં છે. વરસાદ હજી ગયો નથી. સપ્ટેમ્બર માસમાં ગુજરાતના ઘણા ભાગોમાં ભારે વરસાદની સંભાવના રહે. મધ્યપ્રદેશનું વહન ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદ વરસાવી શકે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ ભારેથી અતિભારે વરસાદની સંભાવના રહે. ઓગષ્ટ તા. ૨૧ થી ૨૪ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ભાગ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદ કે વરસાદી ઝાપટા પડે. ઘણા ભાગોમાં ભારે વરસાદી ઝાપટા રહે. તા. ૨૫ ઓગષ્ટથી સપ્ટેમ્બર તા. ૨ સુધીમાં ગુજરાતના ઘણા ભાગોમાં વરસાદની શક્યતા રહે. વરસાદ ગાજવીજ સાથે પડે. ગુજરાતના ભાગોમાં અષાઢ માસમાં નૈઋત્યનો પવન વાતો હોવાથી ઉત્તર ગુજરાત જેવા ભાગોમાં વરસાદી વહન પહોંચતુ નહોતુ. વળી, બંગાળના ઉપસાગરનું વહન ફંટાઈ જતુ હતુ. ઉત્તર ગુજરાત અને કચ્છના ભાગોમાં ઘણી વખત અરબસાગરનું વહન અને બંગાળના ઉપસાગરનુ વહન સક્રિય થાય અને બન્ને વચ્ચે ખાંચો ન પડે તો અતિભારે વરસાદ પણ થતો હોય છે અને અરબ સાગરનુ વહન કાંઠા વિસ્તારોમાં સક્રિય વધુ રહેતા અને બંગાળના ઉપસાગરનુ વહન મધ્યપ્રદેશ થઈને ગુજરાતના ભાગોમાં વધુ વરસાદી વહન લઈને ન આવે તો ઉત્તર ગુજરાત અને કચ્છ તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં વરસાદની અછત પણ રહેતી હોય છે પરંતુ હમણાં મધ્યપ્રદેશનું વહન પણ સક્રિય થાય અને મધ્યપ્રદેશમાં વરસાદ થતાં નર્મદામાં પાણીનો આવરો આવે અને બંધની સપાટી વધી પણ શકે. આ આગાહી ભૌગોલીક બાબતો ગ્રહો તેમજ અન્ય આધારે આપેલ છે. આગાહી કૃષિલક્ષી છે. વરસાદનો દોર કુદરતના હાથમાં છે.

# ગાંધીનગરના નિર્માણમાં મહત્વનુ યોગદાન ધરાવતા શિવકુમાર વર્માનુ દુઃખદ અવસાન

**પુર્વ મુખ્ય નગર નિયોજક અને સ્થપતિ તરીકે ઉમદા ફરજ બજાવી ચુકેલા શિવકુમાર વર્માએ સેકટરોનુ મેપીંગ, નગરની ઇમારતો તેમજ અન્ય વિકાસ પ્રોજેકટ તૈયાર કરવામાં મહત્વનુ યોગદાન પ્રદાન કર્યુ હતુ : કર્મચારીઓને ફળવાયેલા પ્લોટની સાનદમાં તેમની સહી આજે પણ તે વાતની પ્રતિતિ કરાવે છે**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરની રચના અને વિકાસમાં પાયાનુ યોગદાન ધરાવતા નગરના પુર્વ મુખ્ય નગર નિયોજક અને સ્થપતિ શિવકુમાર વર્માનુ આજે દુખદ અવસાન થયુ છે. બિમારીના અંતે તેમનુ અવસાન થતા નગરજનોમાં શોકની લાગણી વ્યાપી છે. નગરમાં નવી ઈમારતો તેમજ સેકટરોના મેપીંગ અને અનેકવિધ પ્રોજેકટનેતૈયાર કરવાની કામગીરીમાં તેમનુ વિશેષ યોગદાન રહયુ છે. કર્મચારીઓને ફાળવવામાં આવેલા પ્લોટની સનદમાં તેમની સહી આજે પણ નગરજનોને શહેર માળખાગત વિકાસના યોગદાનમાં તેમની હાજરી



પુરાવે છે. ગાંધીનગરની સ્થાપનાથી નગર સાથે જોડાયેલા મુખ્ય નગર નિયોજક તરીકે અગાઉ ઉમદા ફરજ અદા કરી ચુકેલા શિવકુમાર વર્માનુ અવસાન થતા નગરજનોએ દુખની લાગણી વ્યકત કરી છે. જયારે નગરના પ્રારંભ કાળથી જોડાયેલા ડો અરૂણ વ્યાસા પણ નગરના પ્રારંભિક કાળથી શહેર સાથે તબીબી સેવાના માધ્યમથી અનોખો નાતો ધરાવતા હતા. લોકપ્રિય ડોકટર તરીકે લોકહ્યદયમાં સ્થાન ધરાવતા ડો વ્યાસાએ નગરની સાંસ્કૃતિક , સામાજિક અને સહકારી પ્રવૃતિ ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપ્યુ હતુ. ગાંધીનગરના પુર્વ મુખ્ય નગર નિયોજક તેમજ સ્થપતિ તરીકે શિવકુમાર વર્માએ નગર વિકાસ માટે મહત્વનુ યોગદાન આપ્યુ હતુ. નગર નિર્માણમાં પાયાનુ યોગદાન ધરાવતા શિવકુમારના માર્ગદર્શન હેઠળ નગરની નવી ઈમારતોને પણ ઓપ આપવામાં આવ્યો છે. નગર વિકાસ અને રચનામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. શિવકુમાર વર્મા સુવર્ણકાળ મંડળના પ્રમુખ તરીકે પણ સેવા આપી છે. આ ઉપરાંત સિધ્ધપુર હિત વર્ધક મંડળ તેમજ ગુજરાત સિવિલિ એન્જિનિયરર્સ તેમજ આર્કીટેક એસોસિએશન સાથે પણ જોડાયેલા હતા. નગર વિકાસના અનેક પ્રોજેકટ તેમજ સેકટરોનુ મેપીંગ તૈયાર કરવામાં તેમનુ વિશેષ યોગદાન રહયુ હતુ. જયારે કર્મચારીઓને ફાળવવામાં આવેલા રાહતદરના પ્લોટની સનદો પર હાલ પણ તેમની સહી જોવા મળે છે.

# તલાટીની બદલીના મામલે આવતીકાલથી બળદેવજી ઠાકોર ઉપવાસ આંદોલન છેડશે

ગાંધીનગર, તા. ૧૯

કલોલમાં તલાટીની બદલીના મુદ્દે કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોર મંગળવારથી જિલ્લા પંચાયતની કચેરીએ ઉપવાસ આંદોલન કરવાના છે.

કલોલના સાંતેજના તલાટી આર.જી. પટેલની પુનઃ સાંતેજમાં કરાયેલ નિમણુંકને લઈ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ ઉગ્ર રોષ વ્યકત કર્યો હતો. પંચાયતની સામાન્ય સભાએ આ મુદ્દે પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો.

ગઈકાલે જિલ્લા સંકલન સમિતિની મળેલ બેઠકમાં ઠાકોરે આ મુદ્દો પુનઃ ઉઠાવ્યો હતો અને વહીવટીય સરળતાનો અર્થ જાણવા માગ્યો હતો. તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે આ તલાટીએ માત્ર ચારથી પાંચ મોટા ગામોમાં જ નોકરી કરી છે અને તલાટીઓને અન્યાય તંત્ર કરી રહ્યુ છે. આ તલાટીની બદલી પાછળ કોઈ સરકારની સૂચના છે કે તેને ત્યાં જ પુનઃ મુકવામાં આવે છે. તેમણે આ તલાટી જમીનના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

જિલ્લા કલેકટરશ્રીએ સોમવારે જિલ્લા વિકાસ અધિકારીને રૂબરૂ મળવા જણાવી અને ચર્ચાને ઉગ્ર બનતી અટકાવી હતી. જો કે બળદેવજી ઠાકોરે જણાવ્યુ છે કે આ મુદ્દે તેઓ મંગળવારથી જિલ્લા પંચાયતની કચેરીએ ઉપવાસ આંદોલન કરશે.




બેસણું

સખેદ જણાવવાનું કે મારા પિતાશ્રી

શિવકુમાર એ. વર્મા

(એક્સ.ચીફ આર્કીટેક્ટ એન્ડ ટાઉન પ્લાનર)

તા.૧૮-૮-૨૦૧૮ના રોજ સ્વર્ગવાસી થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું આજે તા.૨૦-૮-૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૦.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ - સદ્‌વિચાર પરિવાર હોલ, રામદેવનગર BRTS સ્ટેન્ડની સામે, સેટેલાઇટ રોડ, અમદાવાદ - ૩૮૦૦૧૫

લિ. વિજયકુમાર એ.વર્મા (ભાઈ)
શાશ્વતકુમાર એસ. વર્મા (પુત્ર)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT
BRIDGESTONE



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com